# સંસ્કૃતિનું નગર એટલે ગાંધીનગર...

ગાંધીનું આ નગર અહીં રહેનાર સૌને ગમતું, ભાવતું અને ફાવતું મનપસંદ નગર છે. લીલાછમ્મ નગરમાં હર્યાભર્યા વૃક્ષો અને હર્યાભર્યા



નેહલ ગઢવી

માણસોનો વસવાટ ! હર્યાભર્યા માણસો એટલા માટે કે કુટુંબની કાળજીપૂર્વક જવાબદારી નિભાવનારા સંયુકત કુટુંબો અહીં વસે છે ! અને આ જ પરંપરા અનુસાર અહીંના લોકો માત્ર કુટુંબની જવાબદારી જ નહિ પરંતુ, સમાજના અન્ય લોકોની જવાબદારી પણ સભાનતાપૂર્વક સ્વીકારે છે. આ જવાબદારી એટલે સમાજને શારીરિક તેમ જ માનસિક રીતે સજજ કરવાની જવાબદારી. અત્યારની જ વાત કરીએ તો આજના



આ મોર્ડન યુગમાં શહેરમાં કેટલીય એવી સંસ્થાઓ કાર્યરત છે કે જેઓ આ શહેરના યુવાનોની ચિંતા કરે છે અને તેમને કેળવણી આપવાનું તેમ જ **guidance** આપવાનું કાર્ય પણ કરે છે. અને આ પ્રકારના કાર્ય માટે તેઓ નકકર પગલા લેવા યોગ્ય જહેમત પણ ઉઠાવતા જ રહે છે, માત્ર વાતોના વડા નહિ ! **GPSC**ની કે અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનોને પણ આ પ્રકારની સંસ્થાઓ યોગ્ય મદદ પૂરી પાડે છે. અને સૌથી વધુ અગત્યની બાબત તો એ છે કે આ પ્રકારની મદદ કરવામાં તેઓ આર્થિક ગણતરી પણ સાવ થોડી અથવા નહિવત પ્રમાણમાં જ કરતા હોય છે. અહી સંગીત અને સંસ્કારની સરવાણી વહે છે. કલ્ચરલ ફોરમ જેવી સંસ્થાઓ સાહિત્યીક અને મનોરંજક કાર્યક્રમોની સાથોસાથ નૃત્ય, નાટક એન બીજી અનેક કલાઓનું શિક્ષણ આપવાની જવાબદારી પણ સ્વેચ્છાએ જ સ્વીકારે છે. શિવરંજની અને કલાગુર્જરી જેવી સંસ્થાઓ સુગમ , શાસ્ત્રીય સંગીત અને આપણા લોકસંગીતના સૂર ફેલાવવાનું આયોજન નગરજનો માટે ઉત્સાહ, ઉમંગ એન કાળજીપૂર્વક કરે છે. બાબુભાઈ જશભાઈ પટેલ જેવા ગુણિયલ અને ગાંધીવાદી માનવીની દેખરેખ હેઠળ જે છોડનો ઉછેર થયો હોય તેમાં આવા બધા વૈવિધ્યસભર પુષ્પો ન ખીલે તો નવાઈ ! આ ભૂમિ કંઈક આવી છે...



ચાલો, આપણે વીખરાઈ જઈએ
આ વિશાળ ધરતીના પટ ઉપર.
દરેકને ખુલ્લું આકાશ આપવામાં આવશે આળોટવા માટે
દરેકને એક નાનું ઘર આપવામાં આવશે -
પ્રમની ઈંટોથી ચણવા માટે,
દરેકને એક નદી સાથે નાતો આપવામાં આવશે
જેના જળને હોઠ ઉપર મૂકી
અંતિમ સમયે ચેનથી નયન બીડી શકાશે.
- બિપિન પરીખ.

જયારે આ શહેર વિષે વાત કરીએ ત્યારે એક કુશળ ઈજનેર તથા એક કુશળ આર્કિટેકટની સ્મૃતિ જરૂર થાય છે. શ્રી એમ.ડી.પટેલ તથા શ્રી એચ.કે મેવાડા એ બંને સરકારી અધિકારી હોવા છતાં ગાંધીનગરનું નિમાર્ણકાર્ય તેઓએ અત્યંત ખંતપૂર્વક એક **Mission** ની જેમ કર્યું એવું ધણા જાણકાર લોકો માને છે. શહેરની રચના જુદા-જુદા સેકટરમાં થયેલી છે. દરેક સેકટર પોતે જાતે જ એક નગર જેવું છે. સેકટર હોય ત્યાં શોપિંગ સેન્ટર હોય, સેકટર હોય ત્યાં લીલાછમ્મ બગીચાઓ પણ હોય! આ શહેરનું આયોજન કરનારાઓના મનમાં શહેરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો પણ ખ્યાલ રહયો જ હશે ! તેથી જ તો દરેક સેકટરમાં



એક રંગમંચ પણ બનાવવામાં આવેલ છે. જાહેર મિલ્કતોની જાળવણીમાં આપણે સામાન્ય રીતે થોડી ઓછી કાળજી લેનારા છીએ ! આથી આજે ઘણા રંગમંચોનું માળખું “ ઉમરલાયક દેખાવા લાગ્યું છે. ફરી એ તરફ લોકોનું ધ્યાન ગયું છે અને રાજયસરકારનું પણ ગયું છે ! આથી કેટલાક રંગમંચોને પુનઃ સારી સ્થિતિમાં લાવવાનું કામ હાથ પર લેવામાં આવ્યું છે. આવનારા દિવસોમાં ગાંધીનગરની પ્રાથમિક શાળાઓના ભૂલકાઓ આ રંગમંચનો ઉપયોગ કરી શકશે તેવી આશા રાખી શકાય. જાળવણીની બાબત આપણા જાહેર બગીચાઓને પણ એટલી જ લાગુ પડે છે, અહીં પણ તંત્રની સાથે લોકસહયોગ જોડવામાં આવે તો ધાર્યા પરિણામ મળી શકે ! આ બગીચાઓ શહેરની સહિયારી સંતત્તિ છે અને તેથી તેને જાળવવાની જવાબદારી પણ આપણાં સૌની સહિયારી છે.

પ્રાચીન કાળથી જ ભારતમાં યોગ અને આધ્યાત્મનું મહત્વ વિશેષ રહયું છે. ગાંધીનગરમાં પણ આ પ્રકારની પ્રવૃત્તિઓને ખૂબ વેગ મળ્યો છે. ગાયત્રી મંદિર કે અરવિંદ કેન્દ્ર જેવા સ્થળોએ લોકો નિયમિતપણે યોગનું પ્રશિક્ષણ મેળવી શકે છે. ગાંધીનગરમાં અક્ષરધામ, ધોળેશ્વર અને પંચદેવ મંદિર જેવા આધ્યામિક આત્મબળ પ્રેરી શકે તેવા સુંદર મંદિરો પણ છે. આ ઉપરાંત પણ નાના-મોટા અસંખ્ય મંદિરો પણ ઠેર—ઠેર જોવા મળે છે. જયાં લોકો ભકિતભાવ પૂર્વક પૂજા —અર્ચના કરે છે. આ ઉપરાંત અહીં ચાલવા માટે પુનિત-વન તેમજ સંત-સરોવર જેવા રમણીય સ્થળો છે. જયાં લોકો **Walking** માટે, **exercise** માટે કે **Fresh** થવા માટે પણ સરળતાથી જઈ શકે, ગાંધીનગરમાં વસવાટ કરનારા લોકો અત્યંત શાંતિપ્રિય તેમ જ આરોગ્યપ્રદ જીવનશૈલી પસંદ કરતા હોવાને લીધે શહેરમાં ઘોંઘાટ તેમજ પ્રદૂષણનું પ્રમાણ અન્ય શહેરો કરતાં ઘણું ઓછું જણાય છે. ધાર્મિક અને આધ્યાત્મિક પવિત્રતાને કારણે જ આ શહેર હજુ પણ પોતાના મૂળ સંસ્કારોને જાળવી રાખવામાં સફળતા પ્રાપ્ત કરી શકયું છે. ગાંધીનગરમાં આજે પણ કોલેજમાં અભ્યાસ કરતો જુવાન છોકરો પોતાની બાઈક પર મમ્મીએ




આપેલો ઘઉંનો ડબ્બો દળાવવા માટે આપવા જવામાં કોઈપણ જાતનો સંકોચ અનુભવતો નથી. ડાન્સ, ડી.જે અને પાશ્ચાત્ય સંસ્કૃતિના આંધળા અનુકરણ વચ્ચે આજે પણ અહીંનો યુવા-વર્ગ બા-દાદા સાથે મંદિરોમાં જતો જોવા મળે છે. જે આનંદની સાથોસાથ વિશેષ ગર્વની બાબત પણ ગણી શકાય.

ગુજરાતમાં નવરાત્રી એ અબાલ-વૃધ્ધ સૌને માટે ખૂબ અગત્યનો તહેવાર ગણાય છે. આનંદ અને શકિતની ઉપાસનાનું આ પર્વ સૌ ખૂબ ઉત્સાહપૂર્વક માણે છે. તેમાંયે ગાંધીનગરની નવરાત્રી તો આજે પણ પોતાની સભ્યતા અને સલામતી માટે પ્રખ્યાત છે. તેમાંય ખાસ કરીને, કલ્ચરલ ફોરમના ગરબામાં આઠમની રાત્રે થતી મહાઆરતી આખા વર્ષની સૌથી વધુ આહલાદ્ધ પળ સૌ નગરજનો માટે બની રહે છે! આ મહાઆરતીમાં સૌ ઉલ્લાસપૂર્વક ભાગ લઈને આખા વર્ષ માટે આધ્યાત્મિક ઊર્જાનો સંચય કરે છે ! પ્રથમવાર આ મહાઆરતીમાં



સંમિલીત થનાર વ્યકિત તો આ અલૌકિક વાતાવરણને જોતાં જ અચંબિત થઈ જાય છે ! દરેકને માટે આ એક આગવો-અનોખો ચિરસ્મરણીય અવસર બની રહે છે ! આ ઉપરાંત ૨જી ઓકટોબરે ગાંધીજયંતિ નિમિત્તે પ્રાર્થનાસભાનું સુંદર આયોજન પણ કલાગુર્જરી નામની સંસ્થા દ્વારા છેલ્લા કેટલાંક વર્ષોથી સફળતાપૂર્વક કરવામાં આવે છે. સવારનો સુંદર સુકોમળ તડકો, શીતળ મંદ-મંદ પવન અને સફેદ વસ્ત્રોમાં સજજ ગાંધીગનર શહેરના સુજ્ઞ નગરજનો ! સૌ કલાકારો તથા નગરજનો સાથે મળીને જયારે રામધૂન ગાતા હોય ત્યારે પોતાનામાં કોઈ અદ્ભુત દિવ્યતાની અનુભૂતિ તેઓ ચોકકસ કરતાં હશે! ગાંધીનગરમાં આ ઉપરાંત શિવરંજની સૌરાષ્ટ્ર - કચ્છ મિત્ર મંડળ અને આ પ્રકારની અન્ય ઘણી સંસ્થાઓ સક્રીય રીતે કાર્યરત છે ! આપણા જીવનમાં નાવિન્ય લાવનાર આ તમામ સંસ્થાઓનો આપણે આભાર માનીએ તેટલો ઓછો !

ચંદીગઢ અને ગાંધીનગર એ બંને શહેરોનો વિકાસ આયોજનપૂર્વક થયો છે. પ્રથમ શહેરનું આયોજન અને ત્યારબાદ આ બંને જગ્યાઓએ વસવાટનો ધબકાર શરૂ થયો. આથી, સ્વાભાવિક રીતે જ આયોજન કરવાની અને તે આયોજન પ્રમાણે શહેરનો વિકાસ કરવાની એક તક તંત્ર અને લોકો સમક્ષ હતી. એવો સંતોષ ચોકકસ લઈ શકાય કે આપણે મહદંશે એ કસોટીમાં પાર ઉતર્યા છીએ. પરંતુ, શહેરનો વિકાસ એ કોઈ સ્થિર બાબત નથી. આ પૂરી પ્રક્રિયા એક સતત ચાલતી રહેતી **Dynamic Process** છે. શહેરોના વિકાસની બાબતમાં દુનિયાના અનેક સ્થળોની પ્રેરણા લઈ શકાય છે એ બાબત પણ સૌના ધ્યાનમાં આવી છે. માત્ર નાણાંકીય આયોજન કરવાથી જ હેતુ નહી સરે પરંતુ, આ આયોજનની સાથોસાથ અમલીકરણની ચોકકસ વ્યવસ્થાને પણ પરિણામલક્ષી બનાવવી પડશે. શહેરમાં મહાનગરપાલિકાની સ્થાપના લાંબા સમય પછી કરવામાં આવી. શહેરના નાગરિકો માટે આ બાબત એક તક તથા પડકાર સમાન પણ બની છે. તક એટલા માટે છે કે નાગરિકોને પણ ચૂંટણી માધ્યમથી શહેરના વહીવટમાં હિસ્સેદારી કરવાનો હક મળેલો છે. પડકાર એટલા માટે છે કે જો આ વ્યવસ્થામાં જાગૃત નાગરિકો સક્રિય રીતે જોડાશે નહિ તો તેના ઈચ્છિત પરિણામો મેળવી શકાશે નહિ. મોટી સંખ્યામાં રહેતા નિવૃત થયેલા સરકારી કર્મચારીઓનો પણ એક ચોકકસ રોલ તથા અવાજ શહેરના વહીવટમાં હોય તો એ કદાચ વિશેષ પરિણામલક્ષી બની શકે કારણ કે નિવૃત થયેલા લોકો પાસે અનુભવોનો એક મોટો ખજાનો રહેલો છે. નાગરિકોની શકિત શહેરના વિકાસમાં કેવી રીતે જોડી શકાય તેનો



વિચાર મોટા ભાગના લોકો કરે તો જરૂર કોઈ ઉપાય હાથ લાગી શકે. આજે પણ આ બાબત થતી તો હશે પરંતુ, તેને વિશેષ અસરકારક અને Visible બનાવવી જરૂરી લાગે છે. આ કામ ગાંધીનગરાઓએ જ કરવું પડે. દેશ આઝાદ થયો તે પવિત્ર મહિનામાં આ શહેરની સ્થિતિ વધારે સારી કરવા અંગે તેને લાખ લાખ શુભકામનાઓ!

કપરા આ કોરોનાકાળમાં પણ આ સંવેદનાથી ધબકતા શહેરના લોકોએ એકબીજાની શકય તેટલી મદદ કરી છે. ઘણી સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાએ નગરજનોની આ બિમારીના સમયમાં સહાય કરી છે. સૂમસામ બની બેઠેલા બગીચા અને બાંકડા ફરી એકવાર ધમધમતા થયા છે એ બાબત દર્શાવે છે કે આપણું આ ગાંધીનગર ફરી એકવાર રાબેતામુજબ કોરોનાથી ડર્યા વિના સાવચેત બની જીવતાં શીખી રહ્યું છે.

